An International Multidisciplinary Journal
अनन्यशास्त्रम्
(A Unique Treatise of Knowledge)
ISSN:3049-3927 (Online)
Volume: 01 | Issue: 02 | August: 2025
Research Article

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
Peer-Reviewed | Refereed | Open Access Journal
DOI: https://doi.org/10.64328/aimjv01i02038

# મધ્યકાલીન ઈસ્માઇલી ગિનાન સાહિત્ય

**અબરાર હુસેન રંગરેજ***

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આપણને ઘણું બધું વૈવિધ્ય જોવા મળે છે. આપણને આ સમયના સાહિત્યમાં ભક્તિ અને જ્ઞાનનો જેમ સમન્વય જોવા મળે છે એવી રીતે જુદી-જુદી સંસ્કૃતિ જુદાં-જુદાં ધર્મોની માન્યતાઓ રીત-રિવાજોથી તો આપણે અવગત થઈએ જ છીએ, પરતું એની સાથો સાથ એમના ધર્મગ્રંથો, એમની સંસ્કૃતિની પણ આપણને જાણ થાય અને આ સમન્વય ધરાવતું સાહિત્ય મધ્યકાળની એક વિશેષતા પણ બની રહે છે. આવા પ્રકારના સાહિત્યનું ઉત્તમ ઉદાહરણ ઈસ્માઇલી ખોજાઓ દ્વારા લખેલું ગિનાન સાહિત્ય. આ ગિનાન સાહિત્યમાં ઘણી બધી વિવિધતા, ઘણી બધી લાક્ષણિકતાઓ આપણને એના અભ્યાસ થકી જોવા મળે છે. નોંધનીય વાત એ છે કે, આ પ્રકારના સાહિત્ય પર સંશોધનાત્મક ખેડાણ ખુબ જ ઓછુ થયું છે. ગુજરાતીમાં બળવંત જાનીએ આ અંગે સારું એવું કાર્ય કર્યું છે. આ સિવાય ઝાઝું એવું સંશોધનકાર્ય આ ક્ષેત્રે જોવા મળતું નથી. આથી આ સંશોધન ક્ષેત્ર વણખેડાયેલું છે.

મુસલમાનોમાં મોટા બે ફિરકાઓ આપણને જોવા મળે છે. એક સુન્ની અને બીજું સિયા. આમ તો આ બંને પક્ષ ઈબાદત તો એક ખુદાની જ કરે છે, પરંતુ સુન્ની એ આખરી પયગંબર મહમ્મદને ખૂબ જ મહત્ત્વ આપે છે. સાથે સાથે એમના નાતિન એટલે ઈમામ હુસેન અને એમના પિતા ઇસ્લામના છેલ્લા ખલીફા હતા અને એમને પણ મહત્ત્વ તો આપે જ છે પરંતુ સિયા લોકો એ હજરત અલી તેમજ એમના બે પુત્રો હુસેન અને હસનને વધારે મહત્ત્વ આપે છે. આ સિયા સમુદાયના જ લોકોને ખોજા કહેવાય છે. આ જ ખોજાઓએ લખેલું સાહિત્ય એટલે ગિનાન સાહિત્ય. અને આ જ ઈસમાઇલી ગિનાન સાહિત્ય કહેવાય. આ સાહિત્યના રચયિતાઓમાં મોટા ભાગનાં સર્જકો પીર હતા. પીર એટલે જે તે ધર્મનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય અને ધાર્મિક સ્તરે ઊંચા શિખરે બેઠો હોય એને પીર કહેવાય. સામાન્ય સમજ માટે આપણે પીર એટલે સુફી, ફકીર જેવા શબ્દપ્રયોગ પણ કરી શકીએ છીએ.

મધ્યકાળમાં ૧૦-૧૧મી સદીથી આપણને આ પીરો પાસેથી ખોજકી લિપિ-ખોજાઓની લિપિમાં આ ગિનાન સાહિત્ય રચાયેલું જોવા મળે છે. આ લિપિની- ભાષાની વાત કરીએ તો એ સમયની લોક ગુજરાતી બોલી અને હિન્દવી બોલીમા ગિનાનો મળી આવે છે. આ ખોજાઓ મુખ્યત્વે ઈરાનમા વસતા હતા. ઈરાનથી તેઓ ભારત તરફ આવે છે. સૌપ્રથમ તેઓ પંજાબ અને કાશ્મીરમાં રહ્યા. ત્યારપછી તેમનામાંથી કેટલાક ગુજરાતમાં પ્રવેશ કરે છે. આ પીરોનો ઇસ્લામ સાથેનો સબંધ હોવાથી તેઓ અરબી-ફારસીના જાણકાર હતા. આ સિવાય તેઓ ગુજરાતમાં આવીને અહીંયા રહીને સંસ્કૃતિ અને અહીંના ધર્મ તેમજ ભાષાનુ જ્ઞાન મેળવે છે. અને પોતાની રચનાઓ અહીંના લોકો માટે લખતા હોવાથી તેઓ નવી લિપિ ખોજકીમાં બોલતા તેમજ લખતા. જેથી ગુજરાતની સામાન્ય પ્રજા એમના સંપર્કમા આવે તેમજ તેઓ પણ એ પ્રજાના સંપર્કમાં આવે છે. આ ઈસ્માઇલી પીર એ ભારતીય સંસ્કૃતિને અપનાવી અને પોતાની સંસ્કૃતિને પણ આમાં પીરોવીને રચનાઓ રચી અને આપણને એમની રચનાઓમા ગંગા જમની તહેજીબ છલકાતી જોવા મળે છે. જે આપણી ભારતીય સંસ્કૃતિની એક વિશેષતા બની રહે છે. આવી વિશેષતાઓને રજૂ કરતી કેટલીક ગિનાન રચનાઓ જોઈએ.

**લેખક સંપર્ક:* અબરાર હુસેન રંગરેજ, પીએચ.ડી. શોધાર્થી, ગુજરાતી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, ગુજરાત, ભારત.,
Email: abrarhusen2597@gmail.com, ORCID: https://orcid.org/0009-0006-0313-2326
© 2025 Author(s). Published by Young India Publication, Gandhinagar, Gujarat, India

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
ISSN : 3049-3927(Online)

ઈસ્માઇલી પંથના પ્રથમ પીર નૂર સતાગરને માનવામાં આવે છે. એમને ખોજાઓનાં પ્રથમ દાઈ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેઓ ગુજરાતમાં રાજા  સિદ્ધરાજ જયસિંહના સમયમાં પાટણમાં પ્રવેશ કરે છે અને ત્યાં જ પોતાનું જીવન વિતાવે છે. એમના વિષે વિશેષ માહિતી પ્રાપ્ત થતી નથી.

આજ પરંપરાના બીજા પીર એટલે પીર શમ્સ. એમનું પૂરું નામ પીર સમસુદ્દીન હતું. ગુજરાતમાં તેઓ અણહિલવાડમાં નવરાત્રીના સમયમાં આવ્યા હતા. નવરાત્રીનો સમય હોવાથી તેઓએ અહીંયા ગરબીઓ સાંભળી અને તેઓ આ ગરબીઓથી એટલા બધા પ્રભાવિત અને ખુશ થયા કે, તેઓએ સાહિત્ય સર્જન માટે આ સ્વરૂપને પસંદ કર્યું અને પોતાની ગિનાન રચનાઓ આપી. આ સ્વરૂપની રચનાઓની એક વિશેષતા એ પણ છે કે, આમાં હિંદુ અને મુસ્લિમ એમ બંને ધર્મની સારી વાતોને આવરી લીધી છે. આ સિવાય એમની પાસેથી આખ્યાનો પણ મળી આવે છે. જેમાં રાજા ગોપીચંદ અને એમની બહેનનું આખ્યાન ૩૬૦ કડવામાં લખેલું આપણને જોવા મળે છે. આપણે પીર શમ્સની ગિનાન રચનાઓનાં કેટલાક અંશો જોઈએ તો તેઓ લખે છે :

*"હકતું પાક તું બાદશાહ*
*મ્હેરબાન બી અલી તુહી તું*
*રબ તું રહેમાન તું*
*અલી અવ્વલ આખર કાજી તુહી તું*
*તે ઉપાય તે નીપાયા*
*સીરજણહાર અલી તુહી તું*
*તેરી દોસ્તીમે બોલ્યા પીર શમ્સ*
*મેં બંદા તેરા યા અલી તું હી તું"*

આ ગિનાનમાં કવિ ગઝલની જેમ છેલ્લી પંક્તિમા  પોતાના નામનો ઉલ્લેખ કરે છે. સાથે સાથે અહીંયા શિષ્ટ શબ્દોની જેમ તળપદા લોકબોલીનાં શબ્દો પણ આપણને જોવા મળે છે. જેમકે, સીરજણહાર,નીપાયા,ઉપાયા જેવા શબ્દો પણ મળી આવે છે.

તેમનું  આ ગિનાન હમ્દ પ્રકારનું છે. હમ્દ એટલે ખુદાની  સ્વીકૃતિ કરવી. ખુદા છે એ વાતનો સ્વીકાર કરવો. જેમ કુરાનનો આરંભ અલ્લ હમ્દથી થાય છે તેમ કવિ પણ આ ગિનાનનો આરંભ આ પંક્તિથી કરે છે. તેમની એક બીજી ગિનાન રચના આપણને મળી આવે છે

*"અબ તેરી મહૂબત લાગી દિલ મોરે મોહબ્બત લાગી*
*નેનુ સે  નેના મિલાઓ મોરે સાહેબ જી*
*એજી ખોલો પરદા સન્મુખ દેખો*
*હરદમ મુખ દિખાઓ મોરે  સાહેબજી*
*એજી તેરી સુરત કા પીર શમ્સ પ્યાસા*
*દર્શન દાન દીખ્લાઓ મોરે સાહેબ"*

અહીંયા પણ ત્રીજી પંક્તિમાં જ કર્તાએ પોતાનો નામોલ્લેખ કર્યો છે. તેમનું આ ગિનાન આજે પણ ખોજાઓની વસ્તીમા સવારના સમયે ગવાય છે. પીર શમ્સ ઈરાનથી કાશ્મીર આવ્યા અને ત્યાં તેમને માનનારાઓની સંખ્યા ખૂબ જ વધારે હતી. અને આજે પણ તેમને માનનારાઓને શમસી તરીકે ઓળખવામાં આવે છે.  પીર શમ્સ ભારતમા આવ્યા પછી સંસ્કૃત ભાષા અને ધર્મગ્રંથોનો અભ્યાસ કરે છે. આ અભ્યાસ તેમની ગિનાન રચનાઓમા આપણને જોવા મળે છે. પીર શમ્સે ઘણી બધી ગરબી રચનાઓ પણ કરી છે.

જેમ કે,

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
ISSN : 3049-3927(Online)

*"ગુરુ આવ્યા બીજી રાત*
*કે આવીને નાચીયા રે લોલ*
*ત્યારે બોલીયા મીઠા રે બોલ*
*કે અમરત વાણીયા રે લોલ*
*તમે સુણો સાથ કે ચેતીને ચાલજો રે લોલ*
*તમે મનમહે કરો વિચાર કે પથ્થર શું હસે રે લોલ*

આમ, આપણને શુદ્ધ ગુજરાતી શબ્દો પણ આ રચનામાં જોવા મળે છે. સાથે સાથે આપણને નિર્ગુણ ભક્તિના અંશો તેમ જ પ્રજાને બોધ આપવાની શૈલી એ એમની રચનાઓની આગવી વિશેષતા છે. એમની રચનાઓથી આપણે એમને અખા સાથે સરખાવી શકીએ છીએ. પીર શમ્સ પાસેથી આપણને ૨૮ જેટલી ગરબી પ્રકારની રચનાઓ મળી આવે છે. આ સિવાય તેમણે ભજનો પણ રચ્યા છે. એમની રચનાઓમાં માત્ર ઈશ્વરભક્તિની વાત નથી, પરંતુ તેમણે સમાજને સાચી દિશામા દોરવાનો પ્રયત્ન કર્યો છે. તેમણે એ સમયની કેટલીક રચનાઓમાં ભવિષ્યવાણી પણ કરી હતી. જે આજે હકીકત બનતી જોવા મળે છે. જેમકે,

*"એ વીરા ભાઈ ચાર ઘડીકા ચાર જુગજ*
*ક્યા ખુદા વંદ સાહેબકો સુનાઓ જી*
*એ વીરા ભાઈ ત્રણ જગ માહે આગે ધર્મ જ હોતા*
*ચોથો કળજુગ કઠણ ભાઈ જી*
*એ વીરા ભાઈ બાપ બેટા ત્યાં દો લડેગા એસા નજર તમાશા હોય જી*
*એ વીરા ભાઈ સાસુ કા બહુ હિસાબ પૂછેગી તમે સુણો મારા મોમન ભાઈજી"*

અહીંયા મધ્યકાળમાં આ વાતનો ઉલ્લેખ કરનારને શું આજની પરિસ્થિતિનો અનુભવ હશે ? એવો પ્રશ્ન આપણને થાય પણ એનો ઉત્તર એમ આપી શકાય કે, એમને બધાં જ ધર્મગ્રંથોનો ખુબ જ સૂક્ષ્મ રીતે અભ્યાસ કર્યો હતો. અને બધાં જ ધર્મગ્રંથોમાં આપણને કળયુગની વાત તો થતી જોવા મળે છે. આનાથી આ ગિનાન રચનાઓની આજે પણ સાતત્યતા જોવા મળે છે. એટલે એનો અભ્યાસ મહત્ત્વનો બની રહે છે. આ ગિનાનની પરંપરાને પીર સદરુદ્દીન આગળ વધારે છે.

પીર સદરુદ્દીન પીર શમ્સના પૌત્ર હતા એમનો સમયગાળો ઈ.સ.૧૨૩૦નો માનવામાં આવે છે. એમણે ૧૧૮ વર્ષ જેટલું લાંબુ આયુષ્ય વીતાવેલું. એમની ઘણી રચનાઓમાં હરિશ્ચન્દ્ર અને સહદેવનો નામોલ્લેખ જોવા મળે છે. એમની ગિનાન રચનાઓ નરસિંહ મહેતાના પ્રભાતિયાની જેમ આજે પણ સવારના સમયમાં ગવાતી જોવા મળે છે. આ રચનાઓનાં કેટલાક અંશો જોઈએ :

*"એજી ઉઠ બેઠ બંદા તું કાહેકો સુતો*
*સોવણ ભલા ન હોય જી*
*જગત સાહેબ સબ કીઈ પાવત બંદા*
*સુતા ન પાવે કોઈ"*

અહીંયા સવારે વહેલા ઊઠવાની વાત અને સતત કાર્યશીલ રહેવાની વાત કરી છે. સતત પ્રયત્નશીલ રહેનાર કંઇક પ્રાપ્ત કરશે તો કશુંક મળશે તેવો માર્મિક ઉલ્લેખ પણ મળે છે.

એમનું આ જ વિચારનું બીજું ગિનાન જોઈએ :

*"એજી ક્યારે મોમન ભાઈ તમે સુવો નચિંત*

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
ISSN : 3049-3927(Online)

*જીકર કરતા વિલમ્ભ ન કીજીયે*
*એજી મોમન હોકર ન ચિન્ત સુવો*
*તો કેમ દીદાર અલીનો હોવે"*

અહીંયા પણ એમણે વહેલા ઊઠીને ઈબાદત-ભક્તિ કરવાની વાત કરી છે. આમ આપણને અમૂમન બધાં જ ધર્મગ્રંથોમાં વહેલા ઊઠવાની વાત, કાર્યશીલ રહેવાની વાત કરી છે. એટલે એમણે બધાં જ ધર્મના વ્યક્તિઓને કેન્દ્રમાં રાખી પોતાની રચનાઓ આપી છે. આ સિવાય આમના ગિનાનોમાં લોક-કહેવતો પણ જોવા મળે છે. ઉદા.,

*"એજી વાવશો તેવું લુણશો અને આરે અને આરે સનસારિયા માંહે જી*
*વળ વાવિયા જેણે લુણીયા તે પીર કહે મુજને દેખાડો જી"*

આ લોક-કહેવત પરથી પંક્તિ લખાઈ હોય તેવું લાગે છે. તેમના પછી આપણને પીર હસન કબીર પાસેથી પણ ગિનાન રચનાઓ પ્રાપ્ત થાય છે. તેમણે નરહરિ અને યા અલી ને ભેગા કરીને સરસ રચના રચી છે. જે બે સંસ્કૃતિ ધર્મના સમન્વયનું ઉત્તમ ઉદાહરણ પૂરું પરે છે.

*"એજી સાહેબે ફરમાન લખી મોકલિયા સુણો મારા નરહરિ યા અલી*
*એજી પીર હસન કબીર કહેતા બોલીયા વિનંતી*
*સુણો મારા નરહરિ યા અલી"*

આ સિવાય પણ આપણને ઘણા બધા ગિનાન સાહિત્યનાં સર્જકો મળી આવે છે. જેમાં તાજુદ્દીન, પીર મહમ્મદશાહ જેવા સર્જકો તેમજ કેટલીક સ્ત્રી કવયિત્રી પણ મળી આવે છે. આ રચનાઓ ભારતીય સંસ્કૃતિની એક અમૂલ્ય વિરાસત છે. આ ક્ષેત્રે સંશોધનનો વ્યાપ પણ ખુબ જ વધારે છે.

## સંદર્ભગ્રંથ

"મધ્યકાલીન ગુજરાતી ઈસ્માઈલી ગિનાન સાહિત્ય", બળવંત જાનીઃ ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર, પ્ર આ. 2023.